પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૫૮ /૨૦૨૦

વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ના.પો.કમિ/ક્રાઇમ/૮૭૯/૨૦૨૦ તા.૦૭/૧૦/૨૦૨૦ આધારે.
(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક- જી/ ૭૨૫/ ના.પો. કમિ/ઝોન-૫/૩૧૦૨/૨૦૨૦ તા.૦૭/૧૦/૨૦૨૦ આધારે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરી, લૂંટ, ખુન, જેવા ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી થયેલ હોવાનું તપાસ દરમ્યાન જણાય આવેલ છે, શહેર વિસ્તારના નિવાસિઓ અંગત કામ અર્થે બહાર જતા હોય છે અને વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃતિ ધરાવતા ઘરઘાટીઓ એકલતાનો લાભ ઉઠાવી નાણાંની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સબંધી તેમજ મિલકત સંબધી ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે, હાલના સંજોગોમાં આતંકવાદી પ્રવૃતિઓમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી.

મહદઅંશે ઘરઘાટીઓ અમદાવાદ શહેર વિસ્તાર બહારના હોય છે, અને તેઓ ગુન્હો કરીને જતા રહેતા હોય છે, તેઓ વિશેની કોઇ માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોતી નથી, પરીણામે તેઓને પકડવા ખુબ જ મુશ્કેલ ભર્યું બને છે, જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતા વ્યક્તિઓ ઉપર થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.-૧૯૭૩-૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઇ વ્યકિતને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેનાં કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

૧. ઘરઘાટીનું પુરૂ નામ.
૨. ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેનાં માણસોની વિગત.
૩. જેનાં ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ-સરનામું ( બે-ત્રણ તમામ માલિકોના નામ સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો.
૪. બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું.
૫. અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું.
૬. અમદાવાદમાં ઘરઘાટીનાં ઓળખીતાનાં નામ-સરનામાં તથા ટેલીફોન નંબર.
૭. ઘરઘાટીનાં વતનનું સરનામું પો. સ્ટે. સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઇ, બહેન, માતા-પિતાનાં નામો.
૮. ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું નામ-સરનામું.
૯. ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉંમર વર્ષ, ઉંચાઇ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની).

Scanned with CamScanner

આ હુકમ તા.૧૧/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૯/૧૨/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ સુધી ( બ દિવસો સહિત ) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: જાહેર વિજ્ઞાપન:-

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૧૦/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

( સંજ્ય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

Scanned with CamScanner

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત

Scanned with CamScanner